Volume 3, Issue 02
May 2026

# HARIRAJ CHARITABLE TRUST

## NEWS AND UPDATES

૨૬ – ઓમનગર (૩), જી.આઈ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી - ૩૬૫૬૦૧, ગુજરાત

## રીલ માર્ક્સ -વડોદરા

**રીલ રિજનરેટિવ કાર્યક્રમની ટીમ માટે તાલીમકરોની તાલીમનું આયોજન ૦૭ અને ૦૮ મે ૨૦૨૬ ના રોજ નસવાડી ખાતે કરવામાં આવ્યું હતું.**








**મહિના દરમિયાન આંબલીયા, વાડિયા, ભાવપુરા, ટાંકા અને બગલીપુરા ગામોમાં કાર્યક્રમ સંબંધિત તથા વાવણી પેલાની તાલીમો યોજવામાં આવી હતી.**









HARIRAJ
CHARITABLE TRUST

NEWS AND UPDATES

Volume 3, Issue 02

May 2026

## મહિના દરમિયાન ૧૦ ગામોમાંથી પાણીના નમુના લેવામાં આવ્યા અને કેવીકે મંગલભારતી ગોલાગામડી ખાતે પરીક્ષણ માટે મુલાકાત કરવામાં આવી.











## મહિના દરમિયાન આયોજન મુજબની પ્રવૃત્તિઓના ભાગરૂપે IEC સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ ૨૨મી અને ૨૩મી મે ૨૦૨૬ ના રોજ FFB ડેટા વેરિફિકેશન માટે થર્ડ પાર્ટી ઓડિટર સંદીપભાઈ અને વિશાલભાઈ દ્વારા ચકાસણી કરવામાં આવી હતી.









## રીલ રીજન કોટડા - ગોંડલ તાલુકો

રીલ ફાર્મર પૂલ કાર્યક્રમ હેઠળ, મહિનામાં વિવિધ પ્રવૃત્તિઓ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે. તેમાં ખેડૂત જૂથ લીડર પસંદગી, બાયોચારના ૪૬ બેચ, દરેક ગામમાં ખેડૂત તાલીમ અને મીટિંગ ૧ અને ૨નું આયોજન, કપાસ ડેમો માટે ૪૦ ખેડૂતોની પસંદગી, ખેડૂતોની યાદીની ચકાસણી તેમજ પાણી અને માટીના નમૂનાઓ એકત્ર કરવામાં આવ્યા.

















# લેખન સત્ર

મહિના દરમિયાન ૨ લેખન સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું અને વિવિધ અહેવાલો પર ચર્ચા અને વિચારોની આપલે કરવામાં આવી હતી. ૫ મી મે ૨૦૨૬ ના રોજ સત્રમાં જોડાયેલ સહભાગીઓએ કાર્ય વિસ્તારની સફળવાર્તાઓની ચર્ચા કરી અને પ્રોજેક્ટ મુજબ વાર્ષિક અહેવાલની સમીક્ષા પણ કરી. આ સત્ર દરમિયાન સિદ્ધિઓ, શીખવાના અનુભવો અને પ્રોજેક્ટ્સની એકંદર પ્રગતિ પર ચિંતન કરવાની તક મળી. ૧૯ મી મે ૨૦૨૬ ના રોજ આ ચર્ચા મમતાબેનની પ્રેરણાદાયી સફળતાની વાર્તા પર કેન્દ્રિત હતી, જેમણે એક ઉદ્યોગસાહસિક તરીકે પોતાના પ્રયાસો દ્વારા નોંધપાત્ર પ્રગતિ દર્શાવી છે. આ સત્રમાં ટકાઉ કૃષિ અને આજીવિકા સુધારણામાં વર્મીકમ્પોસ્ટ ખાતરના ફાયદા અને મહત્વ પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો હતો.






## વાંચન સત્ર

**આ મહીને કુલ ચાર વાંચન સત્રોનું આયોજન થયું. જેમાં તા. ૮ અને ૧૫મી મે ના રોજ મનુષ્યના ચારિત્ર્યનું શિખરઃ સહસર્જન સમજવા પ્રયાસ કર્યો. તા. ૨૨ મી મે ના રોજ સહકાર્ય/સહયોગ અને ૨૯મી મે ના રોજ જ્ઞાન બુદ્ધિ, ચિત્ત અને અહંકાર પર ચર્ચા કરવામાં આવી.**







Watch useful YouTube videos on project activities run by the organization and subscribe to our channel : Click here